1. જૈન ધર્મનાં પાંચ વ્રતો, પાંચ સમિતિઓ, ત્રણ ગુપ્તિઓ અને ચાર ભાવનાઓ વિશે ટૂંકમાં લખો.

➢ જૈન ધર્મમાં આત્માની મોક્ષપ્રાપ્તિનો વિચાર કેન્દ્રસ્થાને છે. જૈન ધર્મે મોક્ષ મેળવવાના માર્ગ તરીકે 'ત્રિરત્ન સિદ્ધાંત' સચવ્યો છે. 'સમ્યક દર્શન', 'સમ્યક જ્ઞાન' અને 'સમ્યક ચરિત્ર' એ ત્રણ રત્નોને નામે પ્રસિદ્ધ છે. 'સમ્યક દર્શન', 'સમ્યક જ્ઞાન' અને 'સમ્યક ચરિત્ર' માટે માનવી એ પાંચ વ્રતો, પાંચ સમિતિઓ, ત્રણ ગુપતિઓ અને ચાર ભાવના ઓ નું પાલન કરવું જોઇયે, જે નીચે પ્રમાણે છે. 1. પાંચ વ્રતો (1) અહિંસા, (2) સત્ય , (3) અસ્તેય, (4) બ્રહ્મચર્ય અને (5) અપરિગ્રહ. 2. પાંચ સમિતિઓ (1) ઈર્ષા સમિતિ, (2) ભાષા સમિતિ, (3) એષણા સમિતિ, (4) આદાન નિક્ષેપણ સમિતિ અને (5) પરિષ્ઠયાન સમિતિ. 3. ત્રણ ગુપ્તિઓ (1) મનો ગુપ્તિ, (2) વાક ગુપ્તિ અને (3) કાય ગુપ્તિ . 4. ચાર ભાવનાઓ : (1) મૈત્રી, (2) પ્રમાદ, (3) કરુણા અને (4) મધ્યસ્થ.

2.જૈન ધર્મની આધ્યાત્મિક બાબતો જણાવો.

➢ જૈન ધર્મ પૃથ્વી પરના દરેક તત્ત્વને બે વિભાગમાં વહેંચે છે : (1) જીવ અને (2) સજીવ. દરેક જીવ પોતાના પુણ્યના આધારે દેવ, માનવી કે પ્રાણી બને છે. જીવની ત્રણ કક્ષા છે : (1) બદ્ધજી, (2) મુક્ત જીવ અને (3) નિત્ય સિધ્ધજીવ. 'કર્મ' આત્મા માટે બંધનરૂપ છે. આવા કર્મમાંથી મુક્તિ માટે નવું કર્મ કરવું નહિ અને ઉત્પન્ન થયેલા કર્મના તપ વડે ક્ષય કરવો. જૈન ધર્મમાં તપશ્ચર્ય અને વૈરાગી જીવનનું ઘણું મહત્વ છે. ક્ષમા, મૃદુતા, નિષ્કપટતા, ઉદારતા, તપ, ઇન્દ્રિયનિગ્ન, સત્ય, પવિત્રતા, અકિંચિતતા તથા 'પ્રતિક મણ' અને 'સામયિક'ની ક્રિયામાં આધ્યાત્મિક બાબતો સમાયેલી છે. 'પ્રતિક્રમણ' દ્વારા શુભ તરફ પ્રયાણ કરવું અને સામયિક' દ્વારા એક જગ્યાએ બેસી આત્મચિંતન, સ્તુતિ અને વંદન કરવા. મહિનામાં પાંચ વખત 'પૌષધવ્રત' ('પોસ) કરી ઈચ્છાઓનો યોગ કરવો. નિશ્ચિત કરેલા દિવસોએ શત્રુંજય ગિરનાર, ચપાપુરી, પાવાપુરી અને સમેતશિખર જેવાં સ્થળોની યાત્રા કરવી. જેનોની પ્રાર્થનામાં નવકાર મંત્રનું ઉચ્ચારણ, દેરાસર કે પૂજાસ્થળની જગ્યાનાં પવિત્ર ચિહ્નો જેન ધર્મની આધ્યાત્મિક્તાનો પરિચય આપે છે. જૈનોના પર્વધિરાજ 'પઅષણ' (પર્યુષણ) જેવાં પર્વો અને 'મિચ્છામિ દુક્કડ' (મિ ક્ષમામી દુષકૃત્યમ) જેવાં વાક્યો જેન ધર્મની આયાત્મિકતાની માષિતી આપે છે.

3. મહાવીર સ્વામી સમાજસુધારક હતા. ચર્ચા કરો.

➢ મહાવીર સ્વામીનો જન્મ ઈ. સ. પૂર્વે 599 માં બિહારમાં વૈશાલી ગણરાજ્યના કુંડગ્રામ (વિષકુંડ) નામના ગામમાં થયો હતો. માતાપિતાના અવસાન પછી 30 વર્ષની વયે મોટા ભાઈ નંદવર્ધનની રજા લઈ તેમણે સંસારનો ત્યાગ ક્યોં. તેમણે બાર વર્ષ સુધી ઉગ્ર તપશ્ચર્યા કરી અને તેરમે વર્ષે તેમને 'કૈવલયજ્ઞાન' પ્રાપ્ત થયું. તેઓ સુખદુઃખનાં બંધનોમાંથી મુક્ત થયા. આથી તેઓ 'નિગ્રંથ' કહેવાયા. તેમણે તપ દરમિયાન ઇન્દ્રિયો પર વિજય મેળવ્યો હતો. આથી તેઓ ઇન્દ્રિયોને જીતનાર, 'જિન' કહેવાયા, 'જિન' પરથી તેમના અનુયાયીઓ 'જૈન' કહેવાયા. કેવલ્યજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી મહાવીરે 30 વર્ષ સુધી વૈશાલી, વિદેહ અને મગધમાં લોકોને ઉપદેશ આપ્યો. ઈ. સ. પૂર્વે 527માં તેઓ 72 વર્ષની વયે પાવાપુરીમાં નિર્વાણ પામ્યા. જૈનોની માન્યતા પ્રમાણે મહાવીર પહેલાં ત્રેવીસ તીર્થંકરો થઈ ગયા. મહાવીર ચોવીસમા તીર્થંકર હતા. ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથે 'અહિંસા', 'અસ્તેય', 'સત્ય અને 'અપરિગ્રહ' એમ ચાર 'મહાવ્રતો' આપ્યાં હતાં. મહાવીરે તેમાં બ્રહ્મચર્યનો પાંચમાં વ્રત તરીકે ઉમેરો કર્યો. આધ્યાત્મિક ક્ષેત્રે ભારતમાં જ્યારે નિરાશાજન કે વાતાવરણ હતું ત્યારે ધાર્મિક ક્ષેત્રે નવી દૃષ્ટિ અને રચનાત્મક કાર્યક્રમો દ્વારા મહાવીર સ્વામીએ પોતાની વિશિષ્ટ વિચારસરણી રજુ કરી હતી. આ

સમયમાં વેદયુગના સાદા, સરળ અને પ્રાર્થનાપ્રધાન યજ્ઞોનું સ્થાન લાંબા અને ખર્ચાળ યજ્ઞો તથા જટિલ ક્રિયાકાંડોએ લીધું હતું.યજ્ઞો અને ક્રિયાકાંડોને મોક્ષપ્રાપ્તિનાં સાધનો માનવામાં આવતાં. સામાન્ય સ્થિતિના લોકો યજ્ઞો કરાવી શકતા નહિ. મહાવીરે યજ્ઞો, ક્રિયા કાંડો અને જ્ઞાતિભેદનો વિરોધ કર્યો. તેમના મત મુજબ જીવને પોતાનાં કમને કારણે જ સુખદુઃખ ભોગવવા પડે છે તથા વારંવાર જન્મો લેવા પડે છે. તેથી કર્મનાં બંધનોથી મુક્ત થવાથી જ જન્મના ફેરામાંથી મુક્તિ મળે છે. યજ્ઞો કે ક્રિયાકાંડો કરવાથી મુક્તિ મળતી નથી. તેમણે કર્મનાં બંધનોમાંથી મુક્ત થવાનો માર્ગ બતાવ્યો. આ માર્ગ એટલે સમ્યક જ્ઞાન, સમ્યક દર્શન અને સમ્યક ચારિત્ર્ય. આમાંથી સમ્યક ચારિત્ર્યમાં અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્યનાં પાંચ મહાવ્રતોનો સમાવેશ થાય છે. મહાવીરે અહિંસાની ભાવનાને વ્યાપક તથા સુહમ રૂપ આપ્યું અને પશુ-પક્ષી તથા જીવજંતુ અને વનસ્પતિ, જળ તથા વાયુ એ બધામાં જીવું હોઈ એ બધાં પ્રત્યે દયા તથા પ્રેમની ભાવના રાખવાનો ઉપદેશ આપ્યો. આ ઉપરાંત જન્મ-જન્મોથી સંચિત કરેલો ક્રમને ઓછો કરવા માટે તથા તેમાંથી મુક્તિ મેળવવા માટે ઉપવાસ, દેહદમન, પ્રાયશ્ચિત્ત, સેવા, ધ્યાન વગેરે પ્રકારનાં તપ કરવાનો ઉપદેશ આપ્યો. મહાવીરે જ્ઞાતિવાદનાં જડ બંધનોથી પર બની, સમાનતાના પાયા પર સમાજની રચના કરી. સમાજના પછાત તિરસ્કત ઉપેક્ષિત અને વર્ષોથી અલિપ્ત રહેલા લોકોને તેમણે ચતુર્વિધ જૈન સમાજમાં ઊચું સ્થાન અને દરજ્જો અપાવ્યાં. મહિલાઓને પણ દીક્ષા લેવાનો અને મોક્ષ પ્રાપ્તિનો અધિકાર તેમણે આપ્યો. આમ, મહાવીર સ્વામી સામાજિક ક્ષેત્રે પ્રખર સમાજસુધારક બન્યા.

## 4. ધમ્મ એટલે શું ?

➢ 'ધમ્મ'નો શાબ્દિક અર્થ થાય છે 'ધર્મ'. ગૌતમ બુધ્ધ 'બુદ્ધત્વ' મેળવ્યા પછી પોતાને પ્રાપ્ત થયેલ જ્ઞાન અને સત્યની શિલા લોકો સુધી પહોંચાડવા માટે જે માર્ગ (પથ) બતાવ્યો તેને 'ધમ્મ' કહે છે. 'ધમ્મ' એ આધ્યાત્મિક જીવનશૈલી છે. બુદ્ધના મત મુજબ, જે વયક્તિના આધ્યાત્મિક વિકાસ માં ફાયદાકારક છે તે ''ધમ્મ'' છે. શીલ, સમાધિ, દાન, પ્રજ્ઞા વગેરે આધ્યાત્મિક વિકાસમાં ફાયદાકારક ' છે આથી તે 'ધર્મો' છે.

## 5. બૌદ્ધ ધર્મની શરણાગતિ માટેની પ્રસિદ્ધ ત્રણ બાબતો કઈ છે?

➢ ગૌતમ બુદ્ધે પોતે ન હોય ત્યારે પણ પોતાના અનુયાયીઓમાં હંમેશાં એકતા રહે તે આશયથી 'બૌદ્ધ સંઘ'ની સ્થાપના કરી હતી.સંધમાં દીક્ષિત થયેલ વ્યક્તિ સંઘના નિયમોનું પાલન કરે અને તપ કરે તેના આધારે 'ઉપાસક', 'શ્રમણ' કે 'ભિક્ષુ' કહેવાતો. સંઘમાં ભિખુઓની સંખ્યા વધતાં બુદ્ધ સંઘ માટેના નિયમો બનાવ્યા હતા. બૌદ્ધ ધર્મની શરણાગતિ માટેની ત્રણ બાબતો પ્રસિદ્ધ હતી : (1) બુદ્ધ શરણં ગચ્છામિ, (2) ધમ્ શરણે ગચ્છામિ અને (3) સંધે શરણે ગચ્છામિ. સૌપ્રથમ બુદ્ધના શરણમાં જવું, પછી ધર્મના શરણમાં જવું અને આખરે સંધના શરણમાં જવું. આમ, વ્યક્તિ નહિ પરંતુ 'સંઘ ' મહત્ત્વનો હતો. સંધની તમામ સંપત્તિ સામૂહિક હતી. સંધની બેઠક અને ચર્ચામાં વિધિવત્ પ્રસ્તાવ દ્વારા બહુમતીથી નિર્ણયો લેવામાં આવતા હતા.

## 6. જૈન ધર્મગ્રંથો અને જૈન મૂર્તિઓની સમજૂતી આપો.

➢ જૈન ધર્મગ્રંથોમાં આધ્યામિક ભાવનાઓ, ધાર્મિક કથાઓ, શિલ્પશાસ્ત્ર અને તીર્થકરના સ્તોત્રો મુખ્ય છે. જૈન ધર્મને વિજ્ઞાનશાસ્ત્ર, કાવ્યો, વાર્તાઓ, નાટકો, લેખો અને સાંસારિક વિષયના ગ્રંથો દ્વારા પ્રોત્સાહન મળ્યું છે. જૈન

સાહિત્ય ભારતની જુદી જુદી આર્ય તેમજ આર્યતર દ્રાવિડિયન ભાષાઓ અને ઉપભાષાઓમાં લખાયું છે.જૈન ધર્મસ્થળોમાં અનેક દેવીઓ અને તીર્થકરોની મૂર્તિઓ હોય છે. મૂર્તામિં અંબિકા, ચક્રેશ્વરી, જ્વાલિની (જ્વાલામાલિની), પદ્માવતી, ચામુંડા, મહાદેવી, ભારતી, સરસ્વતી મુખ્ય દેવીઓ છે. જૈન ધર્મનાં દેવસ્થાનોમાં તીર્થકરોની મૂર્તિ સાથે તેમની સાથે રહેલા યક્ષ, શાસનદેવી અને લાંછનના નાધારે તીર્થ કરની મૂર્તિની ઓળખ થાય છે. જૈન ધર્મમાં રહેલા જીવ માત્ર પ્રત્યેનો અહિસાભાવ દરેક તીર્થ કર સાથે રહેલ પ્રાણીઓનાં લાંછન દર્શાવે છે.

### 7. 'બૌદ્ધ સંઘ'ની સમજૂતી આપો.

- 'સંઘ'નો શાબ્દિક અર્થ 'ધાર્મિક દષ્ટિએ આધ્યાત્મિક સમાજ.' ગૌતમ બુદ્ધે બૌદ્ધ સંઘની સ્થાપના કરી હતી. બુદ્ધ માનતા હતા કે, પોતે જ્યારે હયાત ન હોય ત્યારે પોતાના અનુયાયીઓમાં હંમેશાં એકતા રહે તેવા શુભ આશયથી તેમણે બોદ્ધ સંઘની સ્થાપના કરી હતી. આ સંઘમાં 15 વર્ષથી નીચેની ઉંમરના, માતાપિતાની અનુમતિ ન હોય તેવા, દાસ, સિપાહી, વાણી, અપરાધી અને રોગીને પ્રવેશ આપવામાં આવતો નહિ. સંઘમાં દીક્ષિત થયેલ વ્યક્તિ સંઘના નિયમોનું પાલન કરે અને તપ કરે તેના આધારે સ્થાન નક્કી કરવામાં આવતું. સંઘમાં બે પ્રકારનાં સ્થાન હતાં : (1) ઉપાસક અને (2) શ્રમણ કે ભિક્ષુ . બૌદ્ધ સંઘમાં ચાર વિભાગો હતા : (1) ભિખૂઓ, (2) ભિખ્ખણીઓ, (3) ગૃહસ્થો અને (4) મહિલાઓ. સંઘના આ ચારેય વિભાગો વચ્ચે એકસૂત્રતા અને આદરભાવ હતા. સંઘમાં ભિષ્ણુઓની સંખ્યા વધતાં બુદ્ધ સંઘ માટેના નિયમો બનાવ્યા હતા અને તે નિયમોને 'વિનયપટક' ભાગમાં એકત્રિત કરવામાં આવ્યાં હતાં. બૌદ્ધ ધર્મની શરણાગતિ માટે ત્રણ બાબતો છે : (1) બુદ્ધ શરણ ગરછામિ, (2) ધમ્ શરણં ગચ્છામિ અને (3) સંઘ શરણં ગચ્છામિ. પ્રથમ બુદ્ધના શરણમાં જાવ, પછી ધર્મના શરણમાં જાવ અને આખરે સંઘના શરણમાં જાવ. આ દષ્ટિએ વ્યક્તિ કરતાં સંઘનું મહત્ત્વ વધારે હતું. સંઘની તમામ સંપત્તિ સામૂહિક હતી. સંઘની બેઠક અને ચર્ચામાં વિધિવત્ પ્રસ્તાવ દ્વારા બહુમતીથી નિર્ણયો લેવામાં આવતા હતા.

### 8. બૌદ્ધ સાહિત્યમાં વર્ણવેલ ભારતની સમજૂતી આપો.

- બૌદ્ધ સાહિત્યમાંથી બૌદ્ધકાળ દરમિયાનની ભારતની સામાજિક સ્થિતિની માહિતી મળે છે. આ સમયમાં લોકો ગામડામો, શહેર અને નગરોમાં રહેતા હતા. સમાજમાં વણશ્રમધ્યવસ્થા પ્રચલિત હતી. કુટુંબ અને સમાજમાં મહિલાઓનું સ્થાન નીચું હતું, પરંતુ મહિલાઓને વિધા ખારાધના કરવાની મનાઈ ન હતી. કેટલાક બોદ્ધ અને જેનગ્રંથોમાં આજીવન બ્રહ્મચારિણી વિદ્વાન મહિલાઓના ઉલ્લેખ છે. સંગીત, નૃત્ય, ચિત્ર વગેરે કલાઓમાં મહિલાઓ કુશળ હતી. બ્રાહણ ધર્મની સરખામણીમાં બૌદ્ધ ધર્મો અને જૈન ધર્મે મહિલાઓ ને વધારે માનભર્યું સ્થાન આપ્યું હતું. વારાંગનાનું ઘણું માનભર્યું સ્થાન કંતું વૈશાલીની ગણિકા તેનું જ્વલંત ઉદાહરણ છે. આ સમયમાં વિવિધ ઉત્સવોની ઉજવણીની જેમ આખલાનાં યુદ્ધો થતાં હતાં. બૉદ્ધ ધર્મ અને જૈન ધર્મના કારણે સમાજ માંથી માંસાહારનું મહત્વ ઘટયું હતું. આ સમયનું લોકજીવન અને સમાજજીવન સુખી, સરળ વિવિધતાથી ભરપૂર હતું. આ સમયમાં ખેતી સાથે લુહારીકામ, સુથારી કામ, વણાટકામ , કારીગરી, ચામડાનો ઉદ્યોગ, પથ્થર અને હાથીદાંતની કારીગર જેવા ઉધ્યોગ હતા.. ઉઘોગ કરનારના આધારે ગરીબોના નામ હતાં. દા. ત., રંગારાની શેરી, વેપારીની શેરી વગેરે. જાતકકથાઓમાં વણકરોના નામનો ઉલ્લેખ છે. આ સમયે ભારતના જુદા જુદા

પ્રદેશો અને પરદેશ સાથે જળમાર્ગે અને જમીનમાર્ગે વેપાર ચાલતો હતો. વેપારીઓ અને સાર્થવાહો (વણજારા)ના સંઘો રચાયા હતા. આ સમયમાં વેપારમાં વસ્તુવિનિમયના સ્થાને તાંબા અને કાંસાના સિક્કાની શરૂઆત થઈ હતી.

9. ટૂંક નોંધ લખો : ગૌતમ બુદ્ધ એક સમાજસુધારક તરીકે

- ગૌતમ બુદ્ધનો જન્મ ઈ. સ. પૂર્વે 563માં નેપાળના તરાઈના જંગલમાં આવેલા કપિલવસ્તુ નગર પાસેના લુમ્બિની વનમાં થયો થતો. ગોતમની જિંદગીનો આરંભકાળ અત્યંત આનંદપ્રમોદમાં વીત્યો હતો. પરંતુ એક વખત તેમણે વૃદ્ધાવસ્થા, વ્યાધિ અને મૃત્યુનાં દક્ષી તથા તે દ્વારા થતાં દુઃખો જોયો ત્યારે માનવજાતિને આ દુખોમાંથી છોડાવવાનો ઉપાય શોધવા તેમણે સંસારનો ત્યાગ કર્યો. તેમણે યોગસાધના કરી, પોર તપ કર્યું. છતાં તેમને આત્મિક સંતોષ થયો નહિં. ઉગ્ર તપશ્ચર્ય છોડી તેમને ‘બોધિવૃક્ષ’ની છાયામાં બેસીને સાત દિવસ અને સાત રાત મનોમંથન કર્યું. છેવટે વેશાખી પૂર્ણિમાએ તેમને જ્ઞાન પ્રાપ્ત થયું. ત્યારપછી તેઓ ‘બુદ્ધ’ (જ્ઞાની) કહેવાયા. બોધિવૃક્ષની છાયામાં ગૌતમ બુદ્ધને જે જ્ઞાન મળ્યું તેના આધારે બૌદ્ધ ધર્મના ચાર આર્ય સત્યો (સિદ્ધાંતો) અસ્તિત્વમાં આવ્યા. આ સત્યમાર્ગમાં આઠ પ્રકારના સંખ્યક અંગોનો સમાવેશ થાય છે, આથી આ સત્વમાર્ગને આર્ય અષ્ટાંગ માર્ગ કહેવામાં આવે છે. માનવી માટે આ આઠેય સંખ્યકોને એકસાથે પાળવાનું મુશ્કેલ છે. તેથી બુધ્ધ આ આઠ પગથિયાને ક્રમે ક્રમે ચડવાનો ઉપદેશ આપ્યો છે. માનવી પોતાનું જીવન આ અચંગ માર્ગ પ્રમાણે પોતાની જાતે જ ઘડિને ક્રમે ક્રમે ઊંચે ચડતો જાય તો આખરે તે નિર્વાણ પદની પ્રાપ્તિ કરી શકે છે. બુદ્ધે ઉપદેશેલો આ અઠંગ માર્ગ દરેક વ્યક્તિ આચરી શકે તેવો સરળ આચાર ધર્મ હતો. તેમાં અત્યંત દેહદમન તથા અત્યંત ભોગવિલાસ એમ બંને છેડાઓને ત્યજીને ‘મધ્યમ માર્ગ’ સ્વીકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત તેમણે સત્ય અને અહિંસા પર પણ વિશેષ ભાર મુક્યો હતો. બૌદ્ધ ધર્મો સમાજજીવન, શિક્ષણ, સાહિત્ય, ધર્મ, સંસ્કૃતિ વગેરે ક્ષેત્રે ગણનાપાત્ર પ્રદાન કર્યું છે. ગૌતમ બુદ્ધે બોદ્ધ સંઘ માટે રચેલી કાર્યપ્રણાલી લોકશાહી પ્રથાવાળી હતી. આમ, લોકશાહી ભાવનાનો આદર્શ અને અમલ એ બોદ્ધ ધર્મની ભારતીય સંસ્કૃતિને અણમોલ ભેટ છે. ગૌતમ બુદ્ધ સામાજિક ક્રાંતિકારી પણ હતા. તેમણે ધર્મની બાબતમાં બ્રાહ્મણોના ઈજારાને અને તેમના વર્ચસ્વને પડકાર્યા. તે સમયની પ્રચલિત વર્ણવ્યવસ્થામાં પ્રવેશી ગયેલાં જ્ઞાતિવાદ તથા ઊંચ-નીચના ભેદભાવોનો તેમણે વિરોધ ક્યોં. બૌદ્ધ ધર્મમાં રાજા, મંત્રીઓ કે પ્રેઝીખોના જેટલું જ મહત્ત્વનું સ્થાન તેમણે અંગુલિમાલ (લુટારો), ઉપાલિ (વાળંદ) અને આમ્રપાલી(ગલિકા)ને પણ આપ્યું હતું. આમ, બુદ્ધે ગરીબો, તિરસ્કૃતો, શોષિતો અને પીડિતો માટે મોક્ષનાં દ્વાર ખોલી નાખવાની સાથે સમાજમાં તેમને માટે ગૌરવ અને સન્માનનાં દ્વાર પણ ખોલી આપ્યાં.

10. સમ્રાટ અશોકનો બૌદ્ધ ધર્મના પ્રસારમાં ફાળો સવિસ્તર સમજાવો.

- ઈસુ પૂર્વેની ત્રીજી સદીમાં મૌર્ય સમ્રાટ અશોકે કલિંગના યુદ્ધ પછી, બૌદ્ધ સાધુ ઉપગુપ્તના ઉપદેશથી બોદ્ધ ધર્મ સ્વીકાર્યો. કલિગના યુદ્ધ અશોકના જીવનમાં પરિવર્તન આવ્યું. હવે, લોકોનું ભૌતિક તેમજ આધ્યાત્મિક કલ્યાણ કરવું તે તેનું મુખ્ય ધ્યેય બન્યું. તેણે પરરાજ્યો સાથે મિત્રતાભર્યા સંબંધો વિકસાવ્યા. અશોકના શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે અશોકે બૌદ્ધ ધર્મના પ્રચાર માટે દેશવિદેશમાં પ્રચારકો મોકલ્યા. પહેલાં બૌદ્ધ ધર્મ મોટે ભાગે મધ્ય ભારતમાં જ પ્રચલિત હતો અને એક નાના સંપ્રદાયરૂપે હતો અશોકે તેને ભારત તેમજ એશિયાનો મહાન ધર્મ બનાવ્યો. તેણે પોતાના સામ્રાજ્યના જુદા જા ભાગોમાં ખડકો કોતરાવ્યા. તેમાં ધર્મ અને જાતિના પ્રચાર માટે

લોકોને ખાસ આગ્રહ કર્યો. અશોકે ધર્મમયામાત્ર નામનો ખાસ અધિકારીખોની નિયુક્તિ કરી. તેમનું કાર્ય પ્રજામાં ધર્મનો પ્રચાર કરી તેમની નીતિમત્તાનું ધોરણ ઉચું લાવવાનું હતું. અધિકારીઓ કોઈને પણ કારણ વગર પીડે નહિ તે જોવાની તેમની ફરજ હતી. કેન્દ્ર તથા પ્રદેશોમાં પણ અશોકે ધર્મમહામાત્રો નીમ્યા, તેઓ કોઈ પણ પ્રકારની અધાર્મિકતા તથા અનૈતિકતા સામે તકેદારી રાખતા અને અધિકારીઓ પર પરોક્ષ નિયંત્રણો રાખતા. સમ્રાટ અશોક દર પાંચ વર્ષે ધર્મ સભા બોલાવતો. જેમાં અધિકારીઓ, મહામાત્રો તથા આગેવાન નાગરિકો હાજરી આપતા. તેમાં ધર્મની ચર્ચા થતી તથા તેના પ્રચાર માટેનાં પગલાં લેવાતાં. ધર્મમહામાત્રો સમ્રાટેની સૂચના અનુસાર બાંધણો, શ્રમણો, સાધુઓ, વૃદ્ધો, અનાથો, ગરીબો વગેરેને દાન આપવાની વ્યવસ્થા કરતા, તેઓ રાજાના કુટુંબીમોની પણ દેખરેખ રાખતા તથા તેમને ધર્મનો ઉપદેશ આપતા. વિદેશોમાં બૌદ્ધ ધર્મનો પ્રસાર : વિદેશોમાં ધર્મપ્રચાર કરનાર અશોક કદાચ પ્રથમેં રાજવી હતો. તેની ધર્મપ્રચાર કરવાની પદ્ધતિ શાંતિમય અને શુભેચ્છાવાળી હતી. અશોકે શ્રીલંકામાં ધર્મપ્રચાર કરવા માટે પ્રતિનિધિમંડળ મોકલ્યું હતું. શ્રીલંકાની બૌદ્ધકથાઓ અશોકના પુત્ર મહેન્દ્ર તથા પુત્રી સંઘમિત્રાની આગેવાની નીચે શ્રીલંકામાં ધર્મપ્રચાર અર્થે પ્રતિનિધિમંડળ મોકલ્યાનો ઉલ્લેખ કરે છે.